**ક્રી.પર.અ.નં. ૨૫/૨૦૧૯**

**<u>આંક–૨૭ લગત હુકમ</u>**

**(૧)** અરજદારની હાલની અરજી ઘરેલુ હીંસાથી સ્ત્રીને રક્ષણ આપતો અધિનીયમ ૨૦૦૫ ની કલમ–૨૩ મુજબ વચગાળાના હુકમ માટે કરેલ છે.

**(૨)** અરજદારની મુખ્ય અરજી તથા આંક–૨૭ ની વચગાળાના હુકમ મેળવવા અરજદારની અરજ લગત સામાવાળા ધ્વારા આંક–પર થી જવાબ આપી તકરાર કરેલ છે કે અરજદાર સામાવાળાના પત્નિ નથી અને માત્ર સામાવાળાની મીલકત પર અરજદારની ખરાબ દૃષ્ટિ હોય તેથી હાલની ખોટી અરજી દાખલ કરેલ છે. અરજદારે લગ્ન સંબંધિત કોઈ દસ્તાવેજ કે ફોટોગ્રાફસ રજુ રાખેલ નથી. તેમજ અરજદારે સી.આર.પી.સી. કલમ–૧૨૫ મુજબ કરેલ અરજીમાં કે નામદાર કોર્ટે અરજદારને ભરણપોષણ આપેલ નથી. આમ, જયારે અરજદારે સામાવાળા નં.૧ ના પત્નિ ન હોય તેમજ બંને જણાએ કદી પણ પોતાનુ જીવન એક ઘરમાં વિતાવેલ ન હોય ત્યારે અરજદારની મુખ્ય અરજી ટકવા પાત્ર નથી તેથી હાલની અરજી પણ નામંજુર કરવા અરજ કરેલ છે.

**(૩)** હાલની અરજીનો ન્યાયિક નીકાલ કરતા પહેલા ર્નિવીવાદીત હકીકતો ધ્યાને લેવી જરૂરી છે,

**નિર્વીવાદીત હકીકતોઃ–**

(૧) અરજદારે સામાવાળા સાથે લગ્નના કોઈ દસ્તાવેજી પુરાવા કે ફોટોગ્રાફસ રજુ રાખેલ નથી, પણ માર્ક–૬૦/૧ થી ડી.એન.એ. રીપોર્ટ રજુ રાખેલ છે. જેમાં પ્રિન્સ અરજદાર તથા સામાવાળાનો સગો પુત્ર હોવાનુ વીદીત થાય છે.

(૨) અરજદારે નામદાર સુપ્રીમ કોર્ટના રજનેશ વિ. નેહાના ચુકાદામાં આપેલ ગાઈડલાઈન મુજબ આંક–૪૮ થી સોગંદનામું રજુ રાખેલ છે તેમજ સોગંદનામા સાથે સામાવાળા મીલકતના દસ્તાવેજો રજુ રાખેલ છે.

(૩) સામાવાળા પ્રિન્સ તેમના પુત્ર નથી તેવી તકરાર કરે છે અને ડી.એન.એ. રીપોર્ટ ખોટો છે તેવુ કહે છે પણ ડી.એન.એ. રીપોર્ટ ખોટો હોય તે લગત કોઈ પુરાવો રજુ રાખેલ નથી.

(૪) સામાવાળા અરજદારને કયાં મળ્યા અને તેમના સંબંધ કેવી રીતે થયો તે લગત સામાવાળાએ પોતાના આંક–પર ના જવાબમાં કોઈ ખુલાસો રજુ રાખેલ નથી અને માત્ર અરજદાર તેમના પત્નિ ન હોવાનુ જણાવી અરજદારના સ્ટેટસને LIVE IN RELATIONSHIP / CONCUBINE/ PARAMOUR (ઉપપત્નિ) તરીકે આડકતરી ભાષામાં જણાવેલ છે.

આ નિર્વીવાદીત હકીકતો ઘ્યાને લઈને હાલની વચગાળાની કલમ–૨૩ ની અરજી (આંક–૨૭) નો ન્યાયિક નીકાલ કરવો ન્યાયોચિત છે.

સૌપ્રથમ ડોમેસ્ટિક વાયોલેન્સ એકટ–૨૦૦પ મુજબ ઘરેલુ હીંસા આચરવામાં આવેલ હોય તો જ સદર કાયદો લાગુ પડે છે. હવે, અરજદાર સામાવાળના પત્નિ છે કે નહી  તે નકકી કરવુ પડે અને સૌપ્રથમ લગ્નના એક પણ દસ્તાવેજી પુરાવા કે અન્ય કોઈ પુરાવાઓના અભાવે અરજદાર સામાવાળાના પત્નિ છે કે કેમ અને તેમનો સંબંધ પતિ–પત્નિ તરીકેનો હતો કે કેમ તે નકકી કરવા માટે નામદાર સુપ્રિમ કોર્ટના **Indra Sarma Versus V.K.SARMA** [ 2013(0) **AIJEL–SC** 54691] નો ચુકાદો ઘ્યાને લેવો મહત્વનો બને છે નામદાર સુપ્રિમ કોર્ટે સ્ત્રી પુરૂષનો સંબંધ લીવ ઈન રીલેશનશીપ કે પતિ પત્નિનો છે કે નહી તે અંગે માર્ગદર્શન પેરા–પપ માં પુરૂ પાડેલ છે જે પેરા–પપ નીચે મુજબ છે,

“ 55. We may, on the basis of above discussion cull out some guidelines for testing under what circumstances, a live–in relationship will fall within the expression "relationship in the nature of marriage"

under Sec. 2(f) of the DV Act. The guidelines, of course, are not exhaustive, but will definitely give some insight to such relationships.

[(1) Duration of period of relationship Sec. 2(f) of the DV Act has used the expression "at any point of time", which means a reasonable period of time to maintain and continue a relationship which may vary from case to case, depending upon the fact situation.]

(2) Shared household The expression has been defined under Sec. 2(s) of the DV Act and, hence, need no further elaboration.]

(3) Pooling of Resources and Financial Arrangements Supporting each other, or any one of them, financially, sharing Bank accounts, acquiring immovable properties in joint names or in the name of the woman, long term investments in business, shares in separate and joint names, so as to have a long standing relationship, may be a guiding factor.]

[(4) Domestic Arrangements Entrusting the responsibility, especially on the woman to run the home, do the household activities like cleaning, cooking, maintaining or upkeeping the house, etc. is an indication of a relationship in the nature of marriage.]

[(5) Sexual Relationship Marriage like relationship refers to sexual relationship, not just for pleasure, but for emotional and intimate relationship, for procreation of children, so as to give emotional support, companionship and also material affection, caring etc.]

[(6) Children Having children is a strong indication of a relationship in the nature of marriage. Parties, therefore, intend to have a long standing relationship. Sharing the responsibility for bringing up and supporting them is also a strong indication.]
[(7) Socialization in Public Holding out to the public and socializing with friends, relations and others, as if they are husband and wife is a strong circumstance to hold the relationship is in the nature of marriage.]

[(8) Intention and conduct of the parties Common intention of

parties as to what their relationship is to be and to involve, and as to their respective roles and responsibilities, primarily determines the nature of that relationship.] “

આમ, ઉપરોકત પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શન મુજબ હાલની અરજીનો ન્યાયિક નીકાલ કરવો ઉતમ છે. સામાવાળાની દલીલ છે કે અરજદાર તેમના પત્નિ નથી અને લગ્ન જેવો કોઈ સંબંધ અરજદાર સાથે કદી હતો નહી. આમ, સ્પષ્ટ રીતે સામાવાળા અરજદારને પોતાના પત્નિ માનતા નથી.

હવે રેકર્ડ ઉપર માર્ક–૬૦/૧ થી ડી.એન.એ. રીપોર્ટ રજુ થયેલ છે. જે મુજબ પ્રિન્સ અરજદાર તથા સામાવાળના પુત્ર હોવાનુ સ્પષ્ટ રીતે વીદીત થાય છે. સામાવાળાની દલીલ કે ડી.એન.એ. તપાસ યોગ્ય રીતે થયેલ નથી તે આ ડી.એન.એ. રીપોર્ટ ખોટો હોવા લગત કોઈ પણ દસ્તાવેજ ન હોવાના કારણે માની શકાય નહી. સામાવાળા ફરી ડી.એન.એ. ટેસ્ટ કરવા માટે કોઈ અરજી આપેલ નથી અને માત્ર ડી.એન.એ. રીપોર્ટ યોગ્ય નથી તેમ જણાવેલ છે. તેથી સામાવાળા સામે વિરૂધ્ધ અનુમાન કરવા નામદાર કોર્ટને ફરજ પડેલ છે. હવે નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા **Indra Sarma Versus V.K.SARMA** [ 2013(0) **AIJEL–SC** 54691] માં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શન મુજબ જો કોઈ સ્ત્રી અને પુરૂષનો સંબંધ સંતતિ મેળવવા માટેનો હોય તો તે સંબંધ લગ્ન સ્વરૂપનો સંબંધ છે તેવુ માનવુ પડે. હાલના કેસમાં પણ માર્ક–૬૦/૧ થી રજુ ડી.એન.એ. રીપોર્ટ પ્રસ્થાપિત કરે છે કે પ્રિન્સ અરજદાર તથા સામાવાળાનો દીકરો છે. આમ, જયારે સંબંધ સંતતિ મેળવવા કરવામાં આવેલ હોય ત્યારે તે સંબંધ લગ્ન સ્વરૂપનો સંબંધ હોવાને કારણ રહે છે. વધુ અરજદાર તરફે નામ. સુપ્રિમ કોર્ટના રજનેશ વિ. નેહાના ચુકાદા મુજબ કરેલ સોગંદનામા આંક–૪૮ સાથે સામાવાળાની મીલકતના આધારો રજુ કરેલ છે. જેમાં સામવાાળ પિપલોદ મુકામે જમીનો ધરાવે છે તેવુ ફલીત થાય છે. જો અરજદાર અને સામાવાળાનો સંબંધ હોય જ નહી તો અરજદારને સામાવાળાની મીલકતો અંગે જાણ થઈ શકે નહી. હાલના કેસમાં અરજદારે સામાવાળા શું મીલકતો ધરાવે છે તે તેમજ તેમનુ ઈન્કમટેક્ષ રીટર્ન પણ તેમના આંક–૪૮ ના સોગંદનામા સાથે જાહેર કરેલ છે. આમ, સ્પષ્ટરીતે અરજદાર અને સામાવાળાનો સંબંધ પતિ પત્નિ તરીકેનો હતો તે નામદાર સુપ્રીમ કોર્ટના **Indra Sarma Versus V.K.SARMA** [ 2013(0) **AIJEL–SC** **54691**] ના ચુકાદા મુજબ માનવાને કારણ છે. અન્યથા કોઈ ત્રાહીત ઈસમ પાસે સામાવાળાની મીલકતની યાદી કે તેનુ ઈન્કમટેકસ રીટર્ન મળી શકે નહી. આમ, સ્પષ્ટ રીતે સામાવાળા માત્ર લગ્નના કોઈ દસ્તાવેજ ન હોવાના કારણસર અરજદારને તરછોડેલ હોવાનુ જણાય આવે છે. સામાવાળાએ પોતે નામદાર કોર્ટ ધ્વારા કરેલ આંક–૨૮ ના હુકમ મુજબ પોતાની મીલકત તથા આવક જવાબદારીનું કોઈ સોગંદનામું જાહેર કરેલ નથી. ઉલટમાં અરજદારે આંક–૪૮ થી સામાવાળાની મીલકત લગતના દસ્તાવેજો પુરા પાડેલ છે. આંક –૪ ૮ થી રજુ દસ્તાવેજો ધ્યાને લેતા તેમાં સામાવાળાની મીલકત લગતના દસ્તાવેજો છે. ભલે તે જાહેર દસ્તાવેજ

હોય પણ સામાવાળાના કથન મુજબ જયારે અરજદાર અને સામાવાળાનો કોઈ સંબંધ જ ન હોય તો આવા જાહેર દસ્તાવેજની જાણ અરજદારને થઈ શકે નહી. તેથી સામાવાળાનુ કથન કે અરજદાર તેમના પત્નિ નથી તે માની શકાય નહી. એક સ્ત્રીને પત્નિનો દરજજો ન આપી તેમજ પોતાના પુત્રને પણ પુત્ર નહી માની સ્પષ્ટ રીતે સામાવાળાએ ઘરેલુ હીંસા આચરેલ હોય તેવુ માનવાને કારણ રહે છે. ઘરેલુ હીંસાની વ્યાખ્યામાં PHYSICAL ABUSE, EMOTIONAL ABUSE ECONOMICALY ABUSE, SEXUAL ABUSE નો સમાવેશ થાય છે. એક સ્ત્રીને રખેલનો દરજજો આપી પોતાના પુત્રને ત્યજી દેવુ અને માત્ર સ્ત્રી પાસે લગ્નના પુરાવા ન હોવાનુ કારણસર લગ્નના સંબંધને નકારવો તે સ્પષ્ટ રીતે સ્ત્રી પર કરેલ હીંસાખોરી છે. જેનાથી સ્ત્રીને આર્થિક મુંજવણ તેમજ શાબ્દિક તથા લાગણી સાથેનો દુરવ્યવહારનો ભોગ બનવુ પડેલ છે. આમ, હાલના કેસમાં ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૩ મુજબ અરજદાર પર થયેલ ડોમેસ્ટીક વાયોલેન્સ સ્પષ્ટ ફલીત થાય છે. નામદાર સુપ્રીમ કોર્ટના **Indra Sarma Versus V.K.SARMA** [ 2013(0) **AIJEL–SC** 54691] ના ચુકાદા મુજબ જયારે સ્ત્રી અને પુરૂષનો સંબંધ સંતાન પ્રાપ્તિનો હોય ત્યારે તે સંબંધ લગ્ન સ્વરૂપનો સંબંધ હોવાનુ માનવાને કારણ છે. હાલના કેસમાં પણ માર્ક–૬૦/૧ ના ડી.એન.એ. રીપોર્ટ પરથી આ સંબંધ લગ્ન સ્વરૂપનો સંબંધ છે. તેને પુરવાર કરે છે તે સીવાય અરજદાર પોતે અરજીમાં સામવાળા નં.૨ થી ૮ જે સામાવાળા નં.૧ ના કુટુંબી છે તેમને જોડેલ છે. જો સામાવાળાના કથન મુજબ અરજદાર તથા સામાવાળાનો સંબંધ હોય નહી તો અરજદારને સામાવાળાના પરીવારના સભ્યની જાણ સામાન્ય સંજોગો મુજબ હોય શકે નહી. જે હલાના કેસમાં છે નહી. અરજદારે સ્પષ્ટ રીતે સામાવાળાના બહેન, જીજાજી, ફોઈ, ફોઈના દીકરાને સામાવાળા તરીકે જોડેલ છે તેમજ પોતે હરીહર નીવાસ બોયઝ સ્ટ્રીટ મુકામે પીપલોદ, સુરતમાં સામાવાળા સાથે તેમના કુટું બ સાથે સંયુકત પરીવારમાં રહેતા હતા તેવુ પોતાની આંક–૧ લગત અરજીમાં કથન કરેલ છે જે કથનો સામાવાળા તરફે પોતાના આંક–૫૨ ના જવાબમાં લેશ માત્ર નકાર કરેલ નથી. આમ, અરજદાર તથા સામાવાળા સંયુકત કુંટુંબમાં શેરર્ડ હાઉસ હોલ્ડ માં રહેતા હતા તે પણ સ્પષ્ટ ફલીત થાય છે. જેથી જયારે સામાવાળા એક સ્ત્રીની સાથે તેમના પત્નિ તરીકેના સંબંધ હોય તેમને પત્નિનો દરજજો નહી આપી એક રખાત તરીકે રાખતા હોય તેમજ પોતાના પુત્રને પણ સ્વીકારેલ ન હોય ત્યારે સામાવાળાએ અરજદાર ઉપર ઘરેલું હીંસા આચરેલ હોય તે નકારી શકાય નહી. તેથી હાલની અરજી મંજુર થવા પાત્ર છે. સામાવાળાના આં ક–૫૨ ના જવાબ મુજબ ડી.એન.એ. રીપોર્ટ ખોટો હોય તેમને નામદાર હાઈકોર્ટમાં પડકારેલ છે પણ ફરી ડી.એન.એ. ટેસ્ટ કરાવવા કોઈ અરજી આપેલ નથી. આમ, જો પ્રિન્સ સામાવાળાનો પુત્ર હોય જ નહી અને ડી.એન.એ. ટેસ્ટ ખોટો હોય તો સામાવાળા ફરી ડી.એન.એ. ટેસ્ટ કરાવવા અરજી આપી તે હકીકત પુરવાર કરી શકતા હતા પણ આવુ ન કરી માત્ર ડી.એન.એ. રીપોર્ટ નામદાર હાઈકોર્ટમાં પડકારી સામાવાળાએ પોતાની સામે વિરૂઘ્ધ અનુમાન કરવા કોર્ટને ફરજ પાડેલ છે. તેથી અરજદાર અને સામાવાળાનો ઘરેલું પતિ–પત્નિ તરીકેનો સંબંધ નકારી શકાય નહી.

હવે સામાવાળાની દલીલ કે સી.આર.પી.સી. કલમ–૧૨૫ મુજબ અરજદારની અરજી નામદાર કોર્ટે

અરજદારે કોઈ દસ્તાવેજી પુરાવા આપેલ ન હોય તેથી પત્નિ તરીકેનો સંબંધ નામદાર કોર્ટે તે અરજીમાં માનેલ ન હોય હાલની અરજી પણ ટકવા પાત્ર નથી તે દલીલ અંગે ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૨(એફ) ધ્યાને લઈએ તો લગ્ન સ્વરૂપના સંબંધને પણ સદર કાયદાને લાગુ પડે છે. હાલના કેસમાં તો અરજદાર તથા સામાવાળા પતિ–પત્નિ તરીકેના સંબંધ ધરાવતા હોવાનુ પ્રમાણ તેમના સંબંધથી થયેલી સંતતિ પ્રિન્સ (માર્ક–૬૦/૧) આપે છે. આમ, સામાવાળાની દલીલ કે સી.આર.પી.સી. કલમ–૧૨૫ માં અરજદારનું ભરણપોષણ નામદાર કોર્ટે બાંધેલ નથી તેથી તેઓ સામાવાળાના પત્નિ નથી તે માની શકાય નહી. વધુ સી.આર.પી.સી. કલમ–૧૨૫ માં થયેલ હુકમ વચગાળાનો હુકમ છે અને તેની ટ્રાયલ હજુ પેન્ડીંગ છે. તેમજ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ–૨૦૦૫ મા ડોમેસ્ટીક રીલેશનશીપનો વ્યાપ કલમ–૨(એફ)માં સી.આર.પી.સી. કલમ–૧૨૫ કરતા મોટો છે તેથી પણ સામાવાળાની દલીલ ગ્રાહય રાખી શકાય નહી. તેથી જયારે અરજદાર પરની હીંસા સ્પષ્ટ ફલિત થતી હોય ત્યારે અરજી મંજુર થવા પાત્ર છે.

સામાવાળા તરફે પોતાના બચાવના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ રાખેલ છે....

(1) 1991 0 SUPREME (GUJ) 37

(2) 2000 0 SUPREME (GUJ) 164

(3) 2005 2 CRIMES (SC) 1.

આ તમામ ચુકાદા સી.આર.પી.સી.ની કલમ–૧૨૫ લગતના છે અને ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૨(એફ)માં લગ્ન તથા લગ્ન સ્વરૂપના સંબંધનો પણ સમાવેશ થાય છે. તેથી તે ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સદર કાયદાની કલમ–૨(એફ) તથા નામદાર સુપ્રીમ કોર્ટના **Indra Sarma Versus V.K.SARMA** [2013(0) **AIJEL–SC** 54691]ના કેસમાં આપેલ માર્ગદર્શનની ઉજાસમાં હાલના કેસને લાગુ પાડી શકાય નહી. આમ, જયારે અરજદાર ઘરેલું હીંસાનો ભોગ બનેલ હોય ત્યારે હાલની અરજી મંજુર થવા પાત્ર છે પણ કેટલું ભરણપોષણ ચુકવવું તે નકકી કરવાનું રહે. હવે અરજદારને કેટલું ભરણપોષણ ચુકવવુ તે લગત અરજદારે આંક–૪૮ થી સામાવાળાની મીલકતના દસ્તાવેજ રજુ રાખેલ છે. જેમાં સામાવાળા સુરત જેવા કોસ્મો પોલીટન સીટીમાં જમીનો ધરાવે છે તેમજ ભાગીદારીમાં કન્ટ્રકશનનો ધંધો પણ કરે છે. તથા પોતે મર્સિડીસ તેમજ પજેરો જેવી કીમતી લકઝરી કાર (માર્ક–૩/૪) ધરાવે છે. આ તમામ દસ્તાવેજો તેમજ ફોટો ધ્યાને રાખીને ભરણપોષણ તેમજ બીજી દાદનો હુકમ કરવો ન્યાયોચિત છે તેથી તમામ પુરાવા ધ્યાને રાખીને અરજદારને રૂા.૨૦,૦૦૦/– દર મહીને ભરણપોષણ પેટે તથા રૂા.૧ ૦,૦૦૦/– મકાનના ભાડા પેટે ચુકવવું ન્યાયોચિત હોવાનું હાલની અદાલતનું નમ્રપણે માનવું છે તેથી હાલની અરજી લગત નીચે મુજબ હુકમ કરું છું.

**:: <u>હુકમ</u> ::**

૧. હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. સામાવાળાએ અરજીના તારીખથી અરજદારને દર મહીને રૂા.૨૦,૦૦૦/– ભરણપોષણ પેટે તથા રૂા.૧૦,૦૦૦/– ઘર ભાડા પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સામાવાળાએ અરજદાર પર હીંસાખોરી કરવી નહીં તેવો કલમ ૧૮ મુજબ હુકમ કરવામાં આવે છે.

૪. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**તારીખઃ ૦૨/૧૨/૨૦૨૩**
**સ્થળઃ સાગબારા**

**(એલ .આઈ.ઈન્ગલે)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રટ ફર્સ્ટ કલાસ**
**સાગબારા જી.નર્મદા**
**કોડ નં.જી.જે.૦૧૩૭૨**